**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૧૮ ટકા

# ગાંધીનગરાઓની વેકેશનમાં ફરવા જવાની દિશા દક્ષિણ તરફ ..!!

## શહેરના પર્યટન પ્રેમીઓનો ઝોક કેરળ તરફ વધ્યો : ઉત્તર ભારતના પર્વતીય સ્થળો પણ હજુ ઈન ડીમાન્ડ : વિદેશી ડેસ્ટિનેશનમાં દુબઈ-સિંગાપોર હોટ ફેવરિટ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં વેકેશનનો માહોલ છવાઈ રહ્યો છે અને શહેરમાંથી ઉનાળુ વેકેશનમાં ફરવા જવાના ક્રેઝમાં ઉછાળો આવ્યો છે. ગાંધીનગરના પર્યટન પ્રેમીઓનો આ વર્ષે ઝોક કેરળ તરફ વધુ જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત હજુ પણ કુલુમનાલી સીમલા, મસુરી, ડેલહાઉસી વગેરે ઈન ડીમાન્ડ રહેવા પામ્યા છે.

હરિયાળા પાટનગરમાં વસતા નગરજનોને સ્વાભાવિક રીતે જ કુદરતી સૌંદર્યથી ભરપુર લગાવ છે જેના કારણે ગાંધીનગરના જે નાગરિકો વેકેશનમાં ફરવા જવાના પ્લાનીંગ કરી ચુકયા છે અથવા કરી રહ્યા છે તેમાં પાણી અથવા પર્વતવાળી જગ્યા વધુ પસંદગી પામી રહી છે. શહેરમાં ઉચ્ચ અને ઉચ્ચ મધ્યમ વર્ગમાં ઉનાળુ વેકેશનમાં બહારગામ ફરવા જવાનો ક્રેઝ જોવા મળે છે જેમાં ઉચ્ચ વર્ગ જેમાં આઈએસ અધિકારીઓ, બિલ્ડર્સ, મોટા વેપારીઓ કે રાજકારણ સાથે સંકળાયેલો વર્ગ વિદેશના સ્થળોએ ફરવા જવાનું પસંદ કરી રહ્યો છે. વિદેશના સ્થળોમાં સિંગાપોર અને દુબઈ અત્યારે હોટ ફેવરિટ ડેસ્ટિનેશન તરીકે ઉભરી આવ્યા છે. જયારે શહેરના અમુક ધનાઢય નાગરિકો અમેરિકા તથા લંડન કે યુરોપના સ્થળોએ ફરવા જવાનું પસંદ કરતા હતા. તેઓ હાલ વિઝીટર્સ વીઝા મેળવવામાં ખાસ કરીને અમેરિકાના વિઝીટર્સ વિઝા માટે પડી રહેલી તકલીફના કારણે હવે ઓસ્ટ્રોલિયા-ન્યુઝીલેન્ડ તરફ જવાનું પસદ કરી રહ્યા છે. જયારે ઉચ્ચ મધ્યમ વર્ગમાં દુબઈ અને સિંગાપોર તરફ ઝુકાવ જોવા મળી રહ્યો છે.

મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગમાં ભારતના સ્થળોમાં પણ ફરવા જવાનો ધસારો જોવા મળે છે. જેમાં દર વખતની જેમ કુલુ-મનાલી, ડેલહાઉસી, સીમલા, મસુરી જેવા ઉત્તર ભારતના પર્વતીય સ્થળોની સાથે સાથે દક્ષિણમાં કેરળનું પણ આકર્ષણ ખૂબ વધી જવા પામ્યુ છે. અગાઉ દક્ષિણ તરફ જે પર્યટકો મહાબળેશ્વર, ગોવા કે કોડાઈકેનાલ જતા હતા તેવો ધસારો કેરળ તરફ વધી રહ્યો છે.





### એક મહિના સુધી અમેરીકાના વિઝીટર્સ વિઝા નથી...!!

ગાંધીનગરમાંથી ઉનાળુ વેકેશનમાં અમેરિકા ફરવા જવા માંગતા ઉચ્ચ વર્ગના નાગરિકોને તેમના સ્થળ અથવા ફરવા જવાની તારીખો કે શિડયુલમાં ફેરફાર કરવો પડી રહ્યો છે કેમ કે હાલ અમેરીકાના વિઝીટર્સ વિઝા માટે 'હાઉસફુલ'નું પાટિયું ઝુલી રહ્યું છે. આગામી એક થી દોઢ માસ સુધી કોઈને પણ વિઝીટર્સ વિઝાની મંજુરી મળી શકે તેમ નથી.

શહેરના એક જાણીતા ટ્રાવેલ એજન્સીના સંચાલકે જણાવ્યું છે કે ગાંધીનગરના પ્રવાસીઓમાં પર્વતીય અથવા જયાં પાણી હોય તેવા દરિયાઈ કે ઝીલવાળા સ્થળોનું આકર્ષણ વધુ જોવા મળે છે. જયારે જંગલવાળા વિસ્તારો તરફનો ક્રેઝ ઘટતો જણાઈ રહ્યો છે તેજ રીતે માત્ર શહેરી વિસ્તાર ધરાવતા સ્થળોની પસંદગી પણ ઓછી થવા પામી રહી છે.

# સે-૩ સ્થિત રામજીમંદિર ખાતે કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૪

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે પૂર્વ સંધ્યાએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના ઉપક્રમે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અંગેના કાયદાઓ, હક્કો, અધિકારો, રક્ષણ અંગે સમજ અને માર્ગદર્શન અંતર્ગત એક કાનૂની શિબિર સે-૩ રામજી મંદિરના પરિસરમાં યોજાઈ હતી.




આ શિબિરમાં મુખ્ય વકતા તરીકે પેરા લીગલ વોલન્ટીયર સુધીર દેસાઈએ એસ.સી./એસ.ટીના કાયદાઓ, પ્રાપ્ત હક્કો, અધિકારોની વિસ્તૃત સમજ આપી હતી. પી.એલ.વી. મણીભાઈ સોલંકીએ લોકોને મળતી મફત કાનૂની સહાય અંગે તથા રામભાઈ પરમારે પ્રાસંગિક પ્રવચન દ્વારા સમજ આપી હતી. આ કાનૂની શિબિરમાં અનુસુચિત જાતિ તથા અનુસુચિત જનજાતિના અગ્રણી, પ્રબુધ્ધ નાગરિકોએ ઉપસ્થિત રહી શિબિરની પ્રશ્નોત્તરીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

શિબિરમાં મ્યુનિસિપલ કોર્પોરેટર અને એડવોકેટ સુશ્રી ઉર્મિલાબેન વર્માએ મહેમાનપદે ઉપસ્થિત રહી ડૉ. આંબેડકરના તૈલચિત્રને ફુલહાર કરી દિપ પ્રાગટય કરી પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

# ગરમીમાં ક્રિકેટ રમવા ગયેલા યુવાનનું મૃત્યુ

## સે-૨૮માંથી યુવાન તેના મિત્રો સાથે અદાણી શાંતિગ્રામના મેદાનમાં ક્રિકેટ રમવા ગયો હતો : ચાલુ બેટીંગે બેચેની શરૂ થઈ જતા બેટ મુકીને આરામ કરવા મેદાન બહાર જતો રહ્યો પછી યુવાનની આંખ જ ના ખુલી..!

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં આકરી ગરમીની શરૂઆત થઈ ગઈ છે. ૪૦-૪૧ ડિગ્રી તાપમાન નોંધાવા લાગ્યું છે ત્યારે આજે સવારે સે-૨૮માં રહેતો અને પરિક્ષાની તૈયારી કરતો યુવાન આવી ગરમીમાં મિત્રો સાથે અદાણી શાંતિગ્રામ ખાતે મેદાનમાં ક્રિકેટ રમવા ગયો અને મોતને ભેટયો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ચાલુ બેટીંગે બેચેની શરૂ થઈ જતા યુવાને બેટ મુકી દીધું અને આરામ કરવા મિત્રોની મદદ લઈ મેદાન બહાર ગયો હતો. પાણી પીને આરામ માટે તેણે આંખો બંધ કરી પછી આંખ જ ના ખુલી..! તેનું પ્રાણપંખેરૂ ઉડી જતા સન્નાટો છવાઈ ગયો હતો. અડાલજ પોલિસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃત્યુનું કારણ બહાર લાવવા મૃતદેહ પી.એમ. કરાવી ઘટનાની તપાસ શરુ કરી છે. જો કે પ્રાથમિક તબક્કે ગરમીથી તેનું મૃત્યુ થયું હોવાની શકયતાઓ વર્તાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ સેકટર-૨૮માં રહેતો ૨૬ વર્ષીય યુવાન બ્રીજમોહન કનૈયાલાલ ડોબરીયા મુળ રાજકોટનો હતો. એન્જીનીયરીંગનો અભ્યાસ પુર્ણ કર્યા બાદ તે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા ગાંધીનગર રહેતો હતો. તેન પિતા વર્ગ-૨ અધિકારી છે. આજે સવારે બ્રીજમોહન તેના મિત્રો સાથે ક્રિકેટ મેચ રમવા માટે અડાલજ નજીક અદાણી શાંતિગ્રામમાં ગયો હતો. ક્રિકેટ મેચ ચાલી રહી હતી અને આકરો તાપ શરૂ થઈ ગયો હતો. બ્રિજમોહનની બેટીંગ શરૂ થઈ ત્યારે અચાનક તેને બેચેની શરૂ થઈ ગઈ હતી. મિત્રોએ ચાલુ બેટીંગે તેને બુટ મુકાવી મેદાન બહાર લઈ જઈ પાણી પીવડાવ્યું અને ગાડીમાં આરામ કરવા સલાહ આપી. બ્રિજમોહને પાણી પીને ગાડીમાં જઈ આરામ કરવા આંખો બંધ કરી અને થોડી વાર રહીને મિત્રો પરત આવ્યા તો આંખો જ ખોલી નહીં...! તેણે અંતિમ શ્વાસ લઈ લીધા હતા. કોઈ રીતે તેનું મૃત્યુ થઈ ગયું હતું. અડાલજ પોલીસને ઘટનાની જાણ થતા ટીમ આવી પહોંચી હતી. બ્રિજમોહનના મૃત્યુથી મિત્રવર્તુળમાં તથા તેના કુટુંબના સભ્યોમાં શોકની કાલીમા છવાઈ ગઈ હતી. પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી મૃત્યુનું ચોકકસ કારણ જાણવા તપાસ શરુ કરી છે. પ્રાથમિક દષ્ટિએ ગરમીથી યુવાનનું મૃત્યુ થયું હોવાની શકયતા પ્રબળ છે.

### સંસ્કાર ગ્રુપ બાળકો માટે રમતગમત પ્રવૃત્તિ કરશે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં કાર્યરત સંસ્કાર ગ્રુપના ઉપક્રમે સેકટર-૭ ઈન્કવાયરી કચેરી પાસેના બગીચામાં આજે ૧૫મી એપ્રિલના રોજ ૬.૨૦થી ૭.૪૫ સુધી બાળકો માટે વિવિધ રમતગમતની પ્રવૃત્તિનું આયોજન કરાયું છે.

સંસ્કાર ગ્રુપ દ્વારા આજે સાંજે બગીચા ખાતે આયોજકો દ્વારા પરીક્ષા આપી છે ચાલો હવે હળવા થઈ રમત સાથે ગમ્મત રમીએ, સૂકા પાંદડાનું મહત્વ સમજી અને સમજાવીએ, મોજ મસ્તી તેમજ અલ્પાહાર જેવી પ્રવૃત્તિ કરવામાં આવશે.

### કોબા-વિસત હાઈવે પર

# બેફામ જતી કારે બસની રાહ જોતા યુવાનને અડફેટે લઈ લીધો

## સુઘડ બસ સ્ટેન્ડ પાસે બસની રાહ જોઈને ઉભેલા ૩૧ વર્ષીય યુવાનનું કારની અડફેટે મૃત્યુ : મોતને ભેટેલા યુવાનના નજીકના ભવિષ્યમાં લગ્ન હતા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક સુઘડ ગામમાં મિત્રને મળવા અમદાવાદ સાબરમતી વિસ્તારનો યુવાન આવ્યો હતો. ગત મોડી સાંજે પરત ઘરે જવા સુઘડ બસ સ્ટેન્ડ પાસે ઉભેલો યુવાન બસની રાહ જોઈ રહ્યો હતો. કોબા તરફથી બેફામ ગતિએ આવી રહેલી ઈકો સ્પોર્ટસ ગાડીએ આ યુવાનને અડફેટે લઈ લેતા તેનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. અડાલજ પોલિસે મૃતદેહ પી.એમ. કરાવી કાર ચાલક સામે ગુનો નોંધી તેની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદ સાબરમતી વિસ્તારમાં રહેતો ૩૧ વર્ષીય યુવાન પ્રકાશ ઉર્ફે લાલો ઈશ્વરભાઈ ઠાકોર ગઈ કાલે સુઘડ ખાતે તેના મિત્રના ઘરે તેને મળવા આવ્યો હતો. પ્રકાશ ઠાકોર ચાર ભાઈઓમાં સૌથી મોટો ભાઈ હતો અને ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો તે ઉપરાંત નજીકના સમયમાં જ તેના લગ્ન થવાના હતા. ગઈ મોડી સાંજે સુઘડ પાસે મિત્રને મળીને તેના ઘરે સાબરમતી જવા પ્રકાશ નીકળ્યો હતો. નવેક વાગ્યે સુઘડ બસ સ્ટેન્ડ પાસે બસની રાહ જોઈને ઉભો હતો ત્યારે કોબા તરફથી ધસમસતી આવતી જીજે ૦૧ આર.એસ. ૮૫૫૯ નંબરની ઈકો સ્પોર્ટસ ગાડીએ પ્રકાશને અડફેટે લઈ લીધો હતો. પ્રકાશ ફંગોળાઈને રસ્તા વચ્ચે પટકાયો હતો અને ગંભીર ઈજાઓને પગલે તેનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. ઈકો સ્પોર્ટસ કારના ચાલકે થોડે આગળ જઈને કાર ઉભી રાખી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. અડાલજ પોલિસે કાર ચાલક સામે ગુનો દાખલ કરી તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# બિન સચિવાલય કલાર્કનું વેઈટીંગ લીસ્ટ ઓપન

## ગુજરાત ગૌણ સેવા મંડળે ૨૦૧૭માં લીધેલી બિન સચિવાલય કલાર્કની જગ્યાઓ માટે ૭૭૦ ઉમેદવારોનું લીસ્ટ જાહેર કર્યું હતું

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ગત મોડી સાંજે બિન સચિવાલય કલાર્કની જગ્યા માટે લાંબા સમયથી પડી રહેલ વેઈટીંગ લીસ્ટ મંડળની વેબસાઈટ પર મુકી દીધું છે. જેમાં ૭૭૦ જેટલા ઉમેદવારોને પ્રમાણપત્ર ચકાસણી માટે બોલાવવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ગુજરાત ક્રમાંક ૮૩/૨૦૧૬૧૭ હેઠળ રાજયની વિવિધ કચેરીઓમાં કલાર્કની ખાલી જગ્યાઓ ભરવા જાહેરાત પ્રસિધ્ધ કરી હતી. જેમાં ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી કુલ જગ્યાઓ પર ઉમેદવારોની પસંદગી કરી બિન સચિવાલય કલાર્ક તરીકેના નિમણુંક ઓર્ડર પણ ઉમેદવારોને આપવામાં આવ્યા હતા. મંડળે પસંદગી પામેલા ઉમેદવારો ઉપરાંત કુલ જગ્યા માટેની સંખ્યાના ૧૦ ટકા વેઈટીંગ લીસ્ટ જાહેર કર્યું હતું. બિનસચિવાલયની પરીક્ષામાં પાસ અને વેઈટીંગ લીસ્ટમાં નામ ધરાવતા યુવાનો છેલ્લા ઘણા સમયથી વેઈટીંગ લીસ્ટ ખુલવાની રાહ જોઈને બેઠા હતા ત્યારે ગૌણ સેવા મંડળે ગત મોડી સાંજે મંડળની સત્તાવાર વેબસાઈટ પર ૭૭૦ ઉમેદવારોનું વેઈટીંગ લીસ્ટ ઓપરેટ કર્યું હતું. મંડળે વેઈટીંગ લીસ્ટમાં નામ ધરાવતા ઉમેદવારોને ડોકયુમેન્ટ વેરીફીકેશન (પ્રમાણપત્ર ચકાસણી) માટે જણાવી દીધું છે. આગામી સમયમાં ડોકયુમેન્ટ વેરીફીકેશનના અંતે તેઓને નિમણુંકના ઓર્ડર પણ આપવામાં આવશે.

### સે-૨માં નિઃશુલ્ક સર્વ રોગ નિદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના સેકટર-૨માં સિનિયર સિટીઝન કાઉન્સિલ તથા અર્બન હેલ્થ સેન્ટરના સંયુકત ઉપક્રમે નિઃશુક નિદાન શિબિર યોજવામાં આવ્યો હતો. આ શિબિરનો જુદા જુદા રોગના ૧૬૫ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો.

આ શિબિરને સફળ બનાવવા સે-૨ના અર્બન હેલ્થ સેન્ટરના મેડીકલ ઓફિસર ડૉ. પ્રશાંત મુલીયાણા તથા તેમના સ્ટાફે જહેમત ઉઠાવી હતી. આ ઉપરાંત કેમ્પમાં સેવા આપનારા નિષ્ણાંત તબીબોનો પણ સહયોગ પ્રાપ્ત થયો હતો. શિબિરમાં સિનિયર સિટિઝન કાઉન્સિલના સભ્યો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે જરૂરિયાત મુજબ દર્દીઓ તથા મુલાકાતીઓની સુવિધા સાચવવા સેવાઓ આપી હતી.

### વાતવાતમાં

● ગાંધીનગરની ખ્યાતનામ પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં વિજ સપ્લાય માટેના ટ્રાન્સફોર્મરમાં ક્ષતિ સર્જાવાને કારણે દિવસભર વીજ પુરવઠો ખોરવાયો હતો. વિજ પુરવઠો ખોરવાતા પીડીપીયુ કેમ્પસની હોસ્ટેલની ઓવરહેડ ટાંકીઓમાં પાણી ચઢી શકયું નહોતું જેના કારણે વિદ્યાર્થીઓને ગરમીની સીઝનમાં પરેશાનીનો ભોગ બનવું પડયું હતું.

● વાવોલમાં શુક્રવારે સાંજે ફરી એકવાર વીજ ધાંધિયા સર્જાયા હતા. સાંજના ભોજન સમયે જ વિજળી વેરણ થતા ગ્રામજનો ઉપરાંત સોસાયટી વિસ્તારના રહીશો ખાસ કરીને ગૃહિણીઓ પરેશાન થઈ ઉઠી હતી.

● શહેરમાં શનિવારે બંધારણના ઘડવૈયા ડૉ. આંબેડકરની ૧૨૭મી જન્મજયંતિ ઉજવાઈ હતી. આ દિવસે શહેરના લગભગ દરેક કોમના નાગરિકો ખાસ કરીને યુવા વર્ગે સોશિયલ મિડિયા પર ડૉ. બાબાસાહેબને પોત પોતાની રીતે અંજલિ અર્પણ કરી હતી.

● ઉનાળુ વેકેશનનો પ્રારંભ થઈ ગયો હોવાથી શહેરની સોસાયટીના ખુલ્લા પ્લોટો, બગીચાઓ વગેરેમાં સવાર અને સાંજના સમયે રમતા બાળકોની સંખ્યામાં મોટો વધારો થયેલો જોવા મળી રહ્યો છે. આ સાથે બાળકોમાં આઈપીએલ પણ વેકેશનનો હોટ ફેવરિટ ટાઈમપાસ બનેલું જોવા મળી રહ્યું છે.

### ડીપીએસ ગાંધીનગર દ્વારા 'સમાંતર શિક્ષણ' પર ત્રિ-દિવસીય આંતરરાષ્ટ્રીય સંમેલન

ગાંધીનગર, તા.૧૪

ઝડપથી બદલાતા વિવિધ પશ્યાદ ભૂમિકા ધરાવતા બાળકોનું શિક્ષણ અને સામાજિક સમાવેશ અને ક્ષમતાઓ મુખ્ય પડકારો રહેલા છે.

આ જ વિષય અંતર્ગત મોટા પાયે જાગૃતિ લાવવા માટેદિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર દ્વારા ૧૬ થી ૧૮ એપ્રિલ દરમિયાન 'એકીકૃત શિક્ષણ વર્ગમાં બદલાવ' વિષય પર આંતરરાષ્ટ્રીય સંમેલનનુ આયોજન થવા જઈ રહ્યું છે. આ સંમેલનમાં યુ.કે., યુએસએ અને ભારત તરફથી સંકલિત શિક્ષણના ક્ષેત્રમાં જાણીતા નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે અને આ સંમેલનમાં ભારતભરની વિવિધ સ્કૂલના તથા એનજીઓના લગભગ ૧૫૦થી વધુ આચાર્ય તથા કાઉન્સેલર્સ ભાગ લેવા જઈ રહ્યા છે. આ સેમિનારનો શુભારંભ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા કરાશે.

# કામ ન મળતા છત્તીસગઢનો મજૂર વાહન ચોરીના રવાડે ચઢી ગયો

ગાંધીનગર, તા.૧૪

છત્તીસગઢથી મજુરી કામ કરવા ગાંધીનગર જિલ્લામાં આવેલો એક મજુર અલગ અલગ બાંધકામ સાઈટો પર કામની શોધમાં ફર્યો પરંતુ કામ ન મળતા આ શખ્સ વાહનચોરીના રવાડે ચઢી ગયો હતો. રૂપિયાની જરૂર ઉભી થતા વાહન ચોરવાનું શરૂ કરી દેનાર આ શખ્સ ગાંધીનગર એલસીબીની ટીમના હાથે ઝડપાઈ ગયો છે. જાસપુર ગામની સીમમાં ઝાડીઓ પાસેથી આ મજુર વાહનચોરની ધરપકડ કરી ચોરેલા બે વાહનો રીકવર કરી લીધા છે. આ શખ્સની ઉંડી પુછપરછ શરુ કરવામાં આવી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીત અને તરલ ભટ્ટની ટીમો જિલ્લામાં સક્રીય થયેલી વાહનચોરતી ગેંગને પકડવા દોડતી થઈ છે. દરમિયાન પીએસઆઈ એમ.જે. શિંદેની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહને મળેલી બાતમી આધારે ટીમે અડાલજથી વૈષ્ણોદેવી જતા રોડ પર કેનાલ બ્રીજ પાસે જાસપુર ગામની ઝાડીમાં રહેતા મુળ છત્તીસગઢના શખ્સ ચંદ્રકુમાર શિવલાલ યાદવને પકડી પાડયો હતો. તેની પાસેથી એક એકટીવા અને એક જયુપીટર મળી આવ્યું હતું. જેના આધાર પુરાવા માંગતા ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. અને ઊંડી પુછપરછ કરતા તેણે કબુલાત કરી હતી કે પાંચેક માસ પહેલા તે વતનથી અહીંયા મજુરી કરવા આવ્યો હતો. મજુરી કામ મળ્યુ નહી અને રૂપિયાની જરૂર પડી એટલે પહેલું એકટીવા તે સમયે વૈષ્ણોદેવી સર્કલ પાસે એક હોટલ નજીક ભંગારના ગોડાઉન પાસેથી ચોરી કર્યુ હતું. તે ઉપરાંત વીસેક દિવસ પહેલા કલોલ મજુરી કરવા ગયો હતો ત્યાં કામ ન મળતા ફરી વાહનચોરી કરવાનું સુઝયું હતું અને એક શોપીંગ આગળથી તેણે જયુપીટર ચોરી કરી લીધું હતું. એલસીબીની ટીમે ચોરેલા બંને વાહનો રીકવર કરી તેની સઘન પુછતાછ આરંભી છે.




# ચિલોડા ખાતે ડૉ. આંબેડકર જન્મ જયંતિની ઉજવણી કરાઈ

ચિલોડા, તા. ૧૪

૧૪ એપ્રિલના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મજયંતિ નિમિત્તે સરકારે સામાજિક ન્યાય દિન તરીકે ઉજવણી અંતર્ગત ચિલોડા ગામના અગ્રણી દિનેશભાઈ પટેલના પ્રમુખપદે ગ્રામ પંચાયતના પટાંગણમાં વિશિષ્ટ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે દીપપ્રાગટ્ય દ્વારા શુભારંભ કર્યો હતો. ત્યારબાદ ડૉ. આંબેડકરની તસવીરને ફુલહારથી પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે ચિલોડા ગ્રામ પંચાયતના સભ્ય નટુભાઈ પટેલ, હરેશ સોલંકી, દિલિપ ઠાકોર, તખતસિંહ ઠાકોર, મંડળીના ચેરમેન જૈમિન પટેલ, નિવૃત્ત તલાટી પ્રવિણસિંહ, ગામના તલાટી કમ મંત્રી કાંતીભાઈ, ચિલોડા હોમગાર્ડઝ યુનિટના ઓફિસર ઈન્ચાર્જ એન.જે. સોલંકી સહિત હોમગાર્ડઝ યુનિટના જવાનો, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પીએલવી નટુભાઈ પટેલે ડૉ. આંબેડકરના જીવનકવન વિશે ઉપરાંત અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના કલ્યાણકારી યોજનાઓ, હક્કો, અધિકારો, રક્ષણ વિશે કાયદાકીય સમજ પુરી પાડી હતી. આ સાથે ઓફિસર ઈન્ચાર્જ એન.જે. સોલંકી, હરેશ સોલંકી, દિનેશભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ કાર્યક્રમની આભારવિધિ બી.એમ. રાઠોડે કરી હતી.




### ચિરવિદાય

- સ્વ. પટેલ વિરમભાઈ શંકરભાઈ, ઉ.વ. ૮૦
- સ્વ. ગલબીબેન ધર્માભાઈ દંતાણી, ઉ.વ. ૬૦
- સ્વ. રબારી જડીબેન સરતાનભાઈ, ઉ.વ. ૧૦૦
- સ્વ. બિજોય લક્ષ્મી મિત્રા, ઉ.વ. ૬૩